# પાલનપુર માર્કેટયાર્ડ બે દિવસ બંધ રહીને પુનઃ ધમધમતુ થયું

પાલનપુર, તા. ૧૭

પાલનપુરના માર્કેટયાર્ડની એક પેઢીમાં થયેલ ત્રણ બોરીની ચોરીના સંદર્ભે ૨૦૦ જેટલા વેપારીઓ બે દિવસથી હડતાલ પર ઉતરી ગયા હતા. માર્કેટયાર્ડની વેપારીઓ અને વહિવટકર્તાઓ વચ્ચે મડાગાંઠ સર્જાઈ હતી. ઉપરોક્ત ચોરીના સંદર્ભે પોલીસ કેસ કરાતા બે દિવસ બાદ માર્કેટયાર્ડ પુનઃ ચાલુ કરવામાં આવેલ છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર માર્કેટયાર્ડમાં પાલનપુર ઉપરાંત દાંતા, વડગામ, અમીરગઢ પંથકના ખેડૂતો પોતાની ખેતીની ઉપજ ભરાવીને આર્થીક ઉપાર્જન મેળવતા હોય છે. યાર્ડમાં બે દિવસ અગાઉ એક પેઢીમાં ત્રણ બોરી અનાજની ચોરી થઈ હતી. વેપારીઓ દ્વારા માર્કેટયાર્ડના વહિવટકર્તાઓને રજુઆત કરેલ હતી. સત્તાધીશો ઉપરોક્ત સંદર્ભે પગલાં ભરે તે પહેલા વેપારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં ન આવતી હોવાના આક્ષેપો કરીને વહિવટકર્તાઓને પૂછ્યા વગર વેપારીઓ દ્વારા બે દિવસની હડતાલ પાડી દેતાં વેપારીઓ અને વહિવટકર્તાઓ વચ્ચે મડાગાંઠ સર્જાઈ હતી. આ સંદર્ભે અમારા રીપોર્ટર ટેલીફોન પર માર્કેટયાર્ડના ચેરમેન વિરજીભાઈ સાથે વાત કરતાં તેમણે જણાવેલ કે વેપારીઓની રજુઆતના પગલે અમે પગલાં ભરીએ તે પહેલા તેમણે કેટલાક વેપારીઓની ઉશ્કેરણીના કારણે યાર્ડમાં બે દિવસની હડતાલ પાડી દીધી હતી. જ્યારે અમારી કારોબારીમાં નિર્ણય લઈને ચોરીની પોલીસ ફરિયાદ પણ આપી દીધી છે. જ્યારે સીસીટીવી કેમેરા જુની સીસ્ટમના હોવાના કારણે રીજલ્ટ સાર ન આવતું હતું જેથી નવિન આધુનિક સીસ્ટમના કેમેરા લગાવવાનો નિર્ણય કર્યો છે. તેમણે હડતાલ પૂર્ણ કરી માર્કેટયાર્ડ ચાલુ કરી નાંખેલ છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા મામલતદાર કચેરી ખાતે આવેલ નાગરીક સુવિધા કેન્દ્રમાં ઉતારા માટે આવતા ખેડૂતો તેમજ અન્ય દાખલાઓ કઢાવવા માટે આવતા અરજદારોને અવાર-નવાર હાલાકીમાં મુકાવું પડે છે. ઈમેલની સુવિધા ખોરવાતા ઉતારા માટે ઉભેલા ખેડૂતોને સાંજ સુધી લાઈનમાં બેસી રહેવું પડ્યું હતું.

# ખેડબ્રહ્મા શહેરમાંથી ત્રણ વર્ષની બાળકી ગૂમ થતા ચકચાર

ખેડબ્રહ્મા, તા.૧૭

ખેડબ્રહ્મા શહેરમાં ૧૫ દિવસ પહેલા અપહરણ બાદ મોતની ઘટના બની હતી. જેની તપાસમાં હજુ પોલીસને કોઈ પગેરૂ પણ નથી મળ્યું ત્યાં તો બે દિવસ પહેલા શહેરની ત્રણ વર્ષની બાળકી ગૂમ થતા ભારે ચકચાર મચી જવા પામી છે. અને અપરાધીઓને જાણે કોઈનો ડર ન રહ્યો હોય ખુલ્લે આમ ગુનાઓને અંજામ આપી પોલીસને પડકાર ફેંકી રહ્યા છે.

ખેડબ્રહ્માના વિજળી સિનેમા વિસ્તારમાંથી સોમવારે બાલમંદિરે જતી રાજસ્થાન પરીવારની એક બાળકી અચાનક જ ગૂમ થઈ જતા શહેરમાં ભારે દહેશત ફેલાવા પામી હતી. રાજસ્થાની પરિવારની એક ત્રણ વર્ષીય બાળકી સપના (નામ બદલેલ છે) નો નજીકના બાલમંદિરના તેડાગરની બહેન સોમવારે સવારના સુમારે બાળકીને લઈ ગયા હતા અને ત્યાંથી તેડાઘરના બહેન અન્ય બાળકોને લેવા ગયા હતાં જયાંથી બાળકી અચાનક જ ગુમ થઈ જતા તેડાગરના બહેને તુરંત પરિવારને જાણ કરી હતી આથી પરિવાર જનોએ તાત્કાલિક પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ફરિયાદ નોંધી ગુમ બાળકીની શોધખોળ હાથ ધરી છે.

# ધાનેરાના એક મકાનમાં તસ્કરો ત્રાટક્યા રૂ. ૨.૯૫ લાખની મત્તા લઈ ફરાર


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠાના ધાનેરા ખાતેની જલારામ સોસાયટીના એક મકાનમાં મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા અને મકાનમાંથી રૂ. ૩ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ઘટનાને પગલે આ વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે.

ધાનેરામાં થોડા સમય અગાઉ તસ્કરોએ ભારે બુમરાડ મચાવી હતી અને થોડા વિરામ બાદ ફરી આ તસ્કરો સક્રિય બન્યા છે. તસ્કરો સક્રિય બનતાની સાથે ધાનેરાની જલારામ સોસાયટીના એક મકાનને નિશાન બનાવ્યું હતું. યુ.જી.વી.સી. માં નોકરી કરતા ફરશુભાઈ માળી ઘરેથી બહાર ગયા હતા. અને અન્ય સભ્યોમાં મીઠી નિંદરામાં સુઈ રહ્યા હતા ત્યારે તસ્કરોએ ઘરના પાછળના ભાગે આવેલ બારી તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને રૂ. ૧.૭૦ લાખ રોકડ તેમજ રૂ. ૧.૨૫ લાખના સોના-ચાંદીના દાગીના મળી કુલ ૨.૯૫ લાખની મત્તા ચોરી પલાયન થઈ ગયા હતા. આ મામલાની જાણ સવારે પોલીસને કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે આવી ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો નોંધી ડોગસ્કોર્ડની મદદથી તસ્કરોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# માણસાના સર્વોદય છાત્રાલય ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

સર્વોદય છાત્રાલય કેમ્પસ માણસા ખાતે ચોમાસાની ઋતુને અનુરૂપ વૃક્ષારોપણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કેમ્પસમાંથી અભ્યાસ કરતા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વૃક્ષારોપણ કાર્યક્રમમાં તાલુકા પંચાયત માણસાના પૂર્વ પ્રમુખ બાબુસિંહ ઠાકોર, માણસાના ધારાસભ્ય અમિત ચૌધરી, નગર સેવા સદનના સભ્ય સુનીલભાઈ પરમાર, નાગરિક બેન્કના ડિરેક્ટર જયંતિભાઈ પટેલ, રામભાઈ પરમાર, ફાયર કોલેજના સંચાલક ભુપેન્દ્રભાઈ બારોટ, વનવિભાગના અધિકારી શંકરભાઈ ચૌધરી, વિક્રમસિંહ ચાવડા, મણીભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ આ કેમ્પસમાં મહુડા, રાયણ, આંબલી દેશી આંબા રોપવામાં આવ્યા હતા.

# તળાવ સહિત ભયજનક સ્થળોથી દૂર રહેવા ખાસ અપીલ

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લાની આપત્તિ વ્યવસ્થાપન બેઠક જિલ્લા આયોજન હોલ ખાતે જિલ્લા પ્રભારી સચિવશ્રી આર.આર. વરસાણીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠક્કર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જે.આર. મોથલીયા, અધિક કલેક્ટર શ્રી એમ.એન. ગઢવી, પ્રાન્ત અધિકારીશ્રીઓ, મામલતદાર-શ્રીઓ, ચીપ ઓફિસરશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ હાજર રહી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અંગે રીવ્યુ કર્યો હતો.

બેઠકમાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં આવેલ બેટા પુલ, મોટા ગામ તળાવ, ભયજનક કાંસ, નર્મદા-ધરોઈની પસાર થતી નહેરો કે જે વિસ્તારમાં લોકોએ ન્હાવા હાથ પગ ધોવા નહી જવા તેવી ખાસ અપીલ પ્રભારી સચિવશ્રીએ કરી છે. આ ઉપરાંત ઢોર ઢોખરને તેવા સ્થળોથી દૂર રાખવા, કુદરતી હાજતે જવા માટે તેવા સ્થળોથી દૂર રહેવા પણ કલેકટરશ્રી તેમજ પ્રભારી સચિવશ્રીએ ખાસ અપીલ કરી છે.

આ ઉપરાંત આકસ્મિક ઘટના માટે મહેસાણા કંટ્રોલ રૂમ નંબર ૦૨૭૬૨-૨૨૨૨૨૦, ૨૨૨૨૯૯ તેમ વનવિભાગ માટે ૦૨૭૬૨-૨૨૨૧૦૩અને૯૪૨૭૦૪૬૪૦૦ તેમજ આરોગ્યવિભાગમાટે૦૨૭૬૨-૨૨૨૩૨૪૫૨ફોન કરવા જણાવ્યુંછે.

# ઊંઝા શહેરમાં પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચકતા દર્દીઓથી દવાખાના ઉભરાયા

ઊંઝા, તા. ૧૭

ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણીજન્ય જંતુઓથી તેમજ વાઈરસ ઈન્ફેકશન જંતુઓથી તેમજ વાઈરસ ઈન્ફેકશન થવાથી રોગચાળો ફેલાતાં ઘણા લોકો માંદગીમાં સપડાતાં સરકારી અને ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઊંઝા શહેર અને તાલુકાનાં ગામડાઓમાં તાવ, મલેરિયા, કમળો, ઝાડા, ઉલ્ટી, શરદી, ખાંસી, જેવા રોગચાળા એ માથું ઊંચક્યું છે.

પાણીજન્ય તેમજ વાઈરસ ઈન્ફેકશન જેવા રોગચાળાને લીધે સરકારી તેમજ ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યા ખુબ વધી ગઈ છે. વિવિધ રોગોમાં સંપડાયેલા ઘણાં દર્દીઓ સરકારી તેમજ ખાનગી દવાખાનામાં સારવાર લઈ રહ્યા છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં આ રોગચાળો વ્યાપક બન્યો હોવાનું ચર્ચાયછે. અત્રે ઉલ્લેખનીય છે કે તાલુકાના કેટલાક ગામોમાં સ્થાનિક ગામ પંચાયતોની સફાઈ પ્રત્યેની બેદરકારીના કારણે કચરો અને ગંદકી ફેલાતા સ્વચ્છતાના અભાવે રોગચાળો ફેલાવો હોવાનું કહેવાય છે. આ બાબતે સત્વરે યોગ્ય પગલાં ભરાય તે જરૂરી છે.



## પાલનપુર ખાતે યુવા ભાજપ દ્વારા વૃક્ષારોપણ કરાયું

પાલનપુર શહેર યુવા ભાજપના નવા વરાયેલા હોદ્દેદારો દ્વારા પાલનપુર શહેરમાં આવેલ કે.કે. ગોઠી હાઈસ્કૂલના સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં વૃક્ષારોપણની સાથે યુવાનોએ તેનો ઉછેર કરવાનો પણ સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે યુવા ભાજપના નવદીપસિંહ ડોડીયા, હસમુખ પઢીયાર, રાણાભાઈ દેસાઈ, કુમુદબેન જોષી, ગીરીશ જગાણીયા, અનિકેત ઠાકર, દિનેશભાઈ પટેલ, હરેશ ચૌધરી, દલપત બારોટ વગેરે મહાનુભાવો અને નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૧ | ૯૩૧ |
| એરંડા | ૬૯૫ | ૭૦૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૭ |
| બાજરી | ૨૪૦ | ૨૯૫ |
| ગવાર | ૧૧૧૯ | ૧૩૩૬ |
| ડાંગર | ૨૯૦ | ૨૯૬ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૧૦ | ૮૯૦ |
| ઘઉં | ૩૨૦ | ૩૪૫ |
| બાજરી | ૨૨૫ | ૨૫૫ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૧૦ | ૩૪૫ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૩૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| ડાંગર ગુજ | ૩૧૦ | ૩૪૫ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૨૧ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૬૯૫ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૮૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૮૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૦ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૬૨ |
| મકાઈ | ૨૮૫ | ૨૯૧ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| મગફળી | ૭૦૦ | ૯૦૦ |
| મગ | ૭૦૦ | ૯૯૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૫૦ | ૫૬૯ |
| એરંડા | ૬૮૦ | ૬૯૭ |
| બાજરી | ૨૪૦ | ૨૭૬ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૧ |
| મગફળી | ૫૫૦ | ૫૪૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૧૫ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૧ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૯ | ૩૨૭ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ |
| એરંડા | ૬૯૪ | ૬૯૫ |
| ગવાર | ૧૨૫૦ | ૧૨૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૬ |
| જુવાર | ૩૪૦ | ૩૮૦ |
| રાયડો | ૫૨૫ | ૬૦૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| ગવાર | ૧૨૨૫ | ૧૨૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૦૧ | ૬૫૬ |
| જુવાર | ૩૩૦ | ૩૭૦ |
| રાયડો | ૫૨૦ | ૫૮૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૮૧૩ |
| એરંડા | ૬૯૦ | ૭૦૬ |
| મગ | ૭૫૦ | ૯૫૦ |
| ઘઉં | ૩૧૧ | ૩૭૯ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૮ |
| ગવાર | ૧૧૨૦ | ૧૩૦૧ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૪૮ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| બાજરી | ૨૨૦ | ૨૨૭ |
| મગફળી | ૬૭૦ | ૯૧૦ |
| ગવાર | ૧૦૦ | ૧૨૯૦ |
| જુવાર | ૩૫૦ | ૩૯૦ |
| મગ | ૭૦૦ | ૭૧૧ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૩૦ | ૩૬૬ |
| બંટી | ૩૭૩ | - |
| ગવાર | ૧૧૨૧ | ૧૩૪૧ |
| એરંડા | ૬૮૫ | ૬૯૨ |
| રાયડો | ૫૮૨ | ૫૯૧ |
| જીરૂ | ૨૨૨૧ | ૨૬૩૯ |
| ડાંગર | ૨૯૦ | ૩૬૦ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૭૫ |

| | | |
|---|---|---|
| બાજરી | ૧૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૫ |
| રાયડો | ૫૮૫ | ૬૦૫ |
| રાજગરો | ૧૦૮૩ | ૧૧૯૯ |
| મગફળી | ૭૦૦ | ૮૫૧ |
| ગવાર | ૯૦૦ | ૧૩૦૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૯૩ | ૬૧૪ |
| એરંડા | ૬૭૧ | ૭૦૯ |
| ગવાર | ૧૦૫૫ | ૧૩૫૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૯૨ |
| બાજરી | ૧૭૦ | ૨૮૬ |
| જુવાર | ૫૦૦ | ૫૯૪ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉ | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૧૮૦ | ૩૦૮ |
| રાયડો | ૫૬૦ | ૬૧૨ |
| એરંડા | ૬૮૦ | ૭૦૬ |
| જુવાર | ૧૬૦ | ૫૧૧ |
| ગવાર | ૧૦૫૧ | ૧૩૨૩ |
| રજકાના બી | ૧૪૦૦ | ૨૫૦૦ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| જવ | ૨૫૫ | - |
| ઘઉં | ૨૯૩ | ૩૪૬ |
| જીરૂ | ૨૩૮૦ | ૨૪૯૮ |
| રાયડો | ૪૯૯ | ૬૧૨ |
| સવા | ૬૩૦ | ૬૮૮ |
| બાજરી | ૨૧૫ | ૨૯૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| અજમો | ૧૦૮૬ | ૧૩૦૦ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૧ | ૩૫૫ |
| બાજરી | ૨૧૩ | ૨૮૫ |
| રાયડો | ૫૯૯ | ૬૦૧ |
| એરંડા | ૬૯૦ | ૬૯૨ |
| ગવાર | ૧૦૧૯ | ૧૨૯૯ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૬ | ૩૦૨ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| બાજરી | ૨૦૧ | ૨૮૪ |
| ગવાર | ૧૨૬૧ | - |

**હારીજ**

| | | |
|---|---|---|
| મેથી | ૪૮૦ | - |
| રાયડો | ૬૦૦ | ૬૧૮ |
| એરંડા | ૬૭૦ | ૭૦૨ |
| સાસટો | ૨૨૫ | ૨૬૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૬૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૨૮ |
| ચણા | ૫૫૦ | ૬૨૭ |
| જીરૂ | ૨૨૮૦ | ૨૬૧૮ |
| સવા | ૬૦૦ | ૬૮૫ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| એરંડા | ૬૮૯ | ૬૯૭ |
| બાજરી | ૨૧૦ | ૨૭૬ |
| રાયડો | ૫૮૩ | ૫૮૫ |
| ડાંગર | ૨૬૫ | ૩૭૬ |
| ગવાર | ૧૦૫૫ | ૧૩૩૫ |
| જુવાર | ૩૨૦ | ૩૭૦ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૯૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૨૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૮૫૦ | ૨૪૭૧ |
| વરીયાળી | ૮૦૫ | ૮૫૦ |
| બંટી | ૩૫૦ | ૩૬૨ |
| રાયડો | ૫૫૦ | ૬૨૮ |
| એરંડા | ૬૭૦ | ૭૦૭ |
| ઘઉં | ૨૯૫ | ૩૭૧ |
| જુવાર | ૨૬૦ | ૫૦૦ |
| બાજરી | ૨૧૫ | ૨૭૯ |
| ગવાર | ૧૦૮૫ | ૧૩૪૨ |
| મેથી | ૪૭૦ | ૫૩૮ |
| સવા | ૬૮૦ | ૭૧૭ |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૪૧ | ૨૮૭૫ |
| વરીયાળી | ૬૫૧ | ૨૧૫૧ |
| ઈસબગુલ | ૧૨૩૩ | ૧૩૫૦ |
| સરસવ | ૬૨૫ | ૬૭૦ |
| રાયડો | ૫૯૧ | ૬૩૮ |
| તલ | ૧૭૭૫ | ૨૨૩૫ |
| સવા | ૬૨૫ | ૭૦૫ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601